# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૩૦/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'સુરત મહાનગરપાલિકાની વિવિધ સ્કીમો' વિશે ચેમ્બરમાં અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૨૯ નવેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'સુરત મહાનગરપાલિકાની વિવિધ સ્કીમો' વિશે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ એન્ડ ઇન્ચાર્જ ડેપ્યુટી કમિશનર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા, ડેપ્યુટી ઇજનેર શ્રી રણછોડ સી. પટેલ અને સુરત સ્માર્ટ સિટીના સિનિયર ઓફિસર શ્રી નિરવ પટેલે મહાપાલિકાની વિવિધ સ્કીમો વિશે માહિતી આપી લાભાર્થીઓ સ્કીમોનો કઈ રીતે લાભ લઇ શકે તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ચેમ્બરની ગર્વમેન્ટ સ્કીમ્સ કમિટીના ચેરપર્સન સુશ્રી આશા દવેએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકાની તેમજ સરકારની વિવિધ સ્કીમોની જાણકારી માટે ચેમ્બર દ્વારા ભવિષ્યમાં પણ એક બાદ એક અવેરનેસ પ્રોગ્રામ ગોઠવવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ એન્ડ ઇન્ચાર્જ ડેપ્યુટી કમિશનર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલાએ જણાવ્યુ હતુ કે મહિલાઓમાં ઘણી પ્રતિભાઓ હોય છે અને તેને બહાર લાવવાનો પ્રયાસ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહયો છે. મહિલા સશકિતકરણ માટે મહાપાલિકા દ્વારા સખી મંડળ બનાવવામાં આવેલુ છે. અર્બન

કોમ્યુનીટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા પિન્ક ઓટો પ્રોજેકટના ભાગરૂપે મહિલાઓને ઓટોરિક્ષા ચલાવવાની તેમજ લાયસન્સ મેળવવા માટે કોમ્પ્યુટરની તાલિમ આપીને તેઓને પગભર કરવામાં આવી રહી છે. ભરતકામ કરનાર મહિલાઓનુ ટેલેન્ટ પારખીને આ બહેનો પાસે રાખડી, ટ્રેડીશનલ ડ્રેસ અને શ્રીજીની માટીની મૂર્તિઓ બનાવવામાં આવે છે. કોર્પોરેશન આ બહેનોને માર્કેટ પણ પુરુ પાડે છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, કોર્પોરેશન દ્વારા પિન્ક ઓટો પ્રોજેકટ, હુન્નર પ્રોજેકટ, માટીની પ્રતિમાઓનો પ્રોજેકટ, કિચન પ્રોજેકટ, યુનિફોર્મ સ્ટીચીગ પ્રોજેકટ, ઇ–ઓટો પ્રોજેકટ (વર્કઆઉટ કરી રહયાં છે) અને સંવેદના પ્રોજેકટ અંતર્ગત છેવાડાના માનવી સુધી પહોંચવા અને તેઓને તાલિમ આપીને પગભર કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે.

ડેપ્યુટી ઇજનેર શ્રી રણછોડ સી. પટેલે જણાવ્યુ હતુ કે, સિટી બસ અને બીઆરટીએસ બસોમાં મુસાફરી કરતા શહેરીજનો માટે સ્માર્ટ મોબીલિટીની સેવા આપવામાં આવી રહી છે. જે અંતર્ગત સિંગલ ટિકીટને આધારે શહેરીજનો આ બંને બસોમાં મુસાફરી કરી શકે છે. હવે મોબાઇલથી ટિકીટ બુક કરી શકાય છે. કોર્પોરેશન દ્વારા મની કાર્ડ આપવામાં આવી રહયા છે. જેના ઉપયોગથી આ બંને બસોની મુસાફરીમાં સ્વાતંત્ર સેનાનીને ૧૦૦ ટકા, વિદ્યાર્થીઓને ૪૦ ટકા અને મહિલાઓ તેમજ વરીષ્ઠ નાગરીકોને ૨૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહયુ છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, કોર્પોરેશને ઉધનામાં રાયકા સર્કલ પાસે યુસીડી કેન્દ્ર ખાતે સુરતી આઇલેબ ફાઉન્ડેશન બનાવ્યુ છે. જયાં સ્ટાર્ટઅપ માટે યુવાઓને ઓફિસ ખૂબ જ ઓછી કિંમતે ભાડે આપવામાં આવે છે. અફોર્ડેબલ હાઉસની સ્કીમ હેઠળ જરૂરિયાતમંદ લોકો પોતાનું ઘર ખરીદી શકે છે. પબ્લીક બાયસિકલ શેરીંગ સિસ્ટમ લાગુ કરી છે. શહેરમાં ૩૫થી વધુ જગ્યાએ ૪૦૦ જેટલી સાયકલ લોકો માટે મુકવામાં આવી છે.

સુરત સ્માર્ટ સિટીના સિનિયર ઓફિસર શ્રી નિરવ પટેલે જણાવ્યુ હતુ કે, સુરતમાં એરીયા બેઇઝ્ડ ડેવલપમેન્ટ કરવામાં આવી રહયુ છે. એના માટે કોર્પોરેશને સ્માર્ટ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર બનાવ્યુ છે. આવુ સેન્ટર સુરતે ભારતભરમાં સૌપ્રથમ લોન્ચ કર્યુ છે. આ સેન્ટર થકી કોર્પોરેશન વિવિધ સેવાઓનું મોનીટરીગ કરી શકશે. સિટી અને બીઆરટીએસ બસો તેમજ ઇમરજન્સી વ્હીકલના મોનીટરીગ માટે શહેરભરમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવશે. સ્માર્ટ સિટી અંતર્ગત તેમણે સુમન આઇ પ્રોજેકટ, સ્માર્ટ રોડ, સ્માર્ટ વેસ્ટ કલેકશન સિસ્ટમ, ગ્રીન એનર્જી એફર્ટ, ૨૪ કલાક વોટર સપ્લાય અને હેરીટેજ ડેવલપમેન્ટ વિશે લોકોને સમજણ આપી હતી.

આ સેશનમાં રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદીએ પ્રાસંગિક વિધી કરી હતી. કોર્પોરેશનના અધિકારીઓએ લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ચેમ્બરના ભુતપુર્વ માનદ્ મંત્રી શ્રી વિજય મેવાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.